# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નચાવે જાહેર મેળામાં, ઉપકાર રટાવે છે,
બિચારી, બાપડી, બતાવીને પ્રજાને પટાવે છે,
ટટળાવે લોન, પરિશ્રમના ચેક માટે પણ -
કલ્યાણ મેળામાં તંત્ર 'સેવા'ના ચેક વટાવે છે..

## હાઇકુ

કરવું પડે!
સ્વચ્છતા અભિયાન -
હૃદયમાં પણ...

ઉપડ્યા ભક્ત,
ઓબા'માં'ના દર્શને -
નવરાત્રીમાં...

## ચિંતન

**કબીર પાંચ પખેરુઆ રાખા પોષ લગાય । એક જુ આયા પારધી લઇ ગયા સબૈ ઉડાય ॥**

કબીરજી વણકર હતા અને અભણ હતા. કોઇ સંસ્કૃતની વિદ્યાપીઠમાં યોગ વિદ્યાની તાલીમ લીધી ન હતી પણ એમનાં નિર્દોષ અને સત્ય દર્શનનો દોહરા-ભજનથી પ્રસિદ્ધ હતા તેથી અને સંત-મહંત-યાત્રિકો તેમની પાસે આવતા અને યોગસાધનાનું સરળ જ્ઞાન એમને આ સત્સંગ દ્વારા પ્રાપ્ત થતું અને એ જ્ઞાન સરળ 'દોહા'માં લોકબોલીમાં એ સામાન્ય જનને સમજાવી દેતા.

આ દોહરામાં યોગશાસ્ત્રમાં વર્ણવેલ પાંચ વાયુ (પંખીઓ)ની વાત કરી આ પાંચ વાયુ તે - ૧ અપાન ૨ સમાન ૩ વ્યાપન ૪ ઉદાન ૫ પ્રાણ આ વાયુ પર ધ્યાન-આસન દ્વારા કાબૂ મેળવી તેની ઉર્ધ્વગતિ દ્વારા કુંડલિની શક્તિને જાગૃત કરી સાત ચક્રોને ભેદી બ્રહ્મરંધ્ર દ્વારા જો પ્રાણ જાય એટલે કે માથાં માં જન્મ વખતે જે સ્થળ તદ્દન નરમ પોંચું હોય છે તે (બ્રહ્મરંધ્ર) તેની - આત્માની મુક્તિ થાય છે પંખી વિમાનની જેમ ઉડાન ભરે તેવી આત્માની આ પંચવાયુ ઉર્ધ્વગતિમાં સહાય કરે છે. યમરાજ (શિકારી) આવી આ પંખીને ઉડાળી લઇ જાય છે.

## સુવિચાર

- માતાનો ખોળો ખાનદાની શિખવે છે.. પિતાનો ખભો ખુમારી શિખવે છે.. **- રોહિત શાહ**
- ગરજ ન હોય છતાં માણસ કર્તવ્ય નિભાવતો રહે એ જ એની ખરી ખાનદાની ગણાય **- એસ. ભટ્ટાચાર્ય**
- માબાપ પણ માણસ છે... કંઇ અવતારી આત્માઓ નથી, એમની ભૂલો પણ થઇ શકે, એમના દોષો પણ હોઇ શકે.. જે માણસ માબાપ પ્રત્યે આદરભાવ ધરાવતો હોય એ જગતનો સૌથી પવિત્ર, સાચો અને ઉત્તમ આત્મા છે **- આચાર્ય ધર્મસુરીજી**
- એકની ઉપર એક એ વ્યવહાર... અને શૂન્યની ઉપર એક એ ઉપકાર **- ધૂમકેતુ**
- સમસ્યાઓને ખતમ કરવા માણસ સંપત્તિ પાછળ દોડયો, પણ એ સંપત્તિ એ જ માણસને અપાર સમસ્યાઓ ઊભી કરી દીધી છે **- મુનિ ભાનુચંદ્રવિજયજી**
- કુટુંબના બધા જ સભ્યો મનોમન સંકલ્પ કરે કે ઘરની બહાર અમે હસતો ચહેરો અને ઘરની અંદર રડતો, લડતો ચહેરો ધારણ નહીં જ કરીએ એ કુટુંબમાં વહેલી મોડી સુખ શાંતિ અવશ્ય આવે જ છે **- ભૂપત વડોદરિયા**
- વ્યક્તિ ચહેરાથી ઓળખાય તે તેની પહેલી ઓળખાણ, પણ તેની સાચી ઓળખાણ, તો તેની વાણીથી જ થાય છે **- નવનીત**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સત્સંગ-સ્વાધ્યાય-તપ-ધ્યાન-અપવાસ-જપ-પાઠપૂજા કરીએ પણ સાથે ક્રોધ-નિંદા-કપટ-શોષણથી 'મન' ભરેલું હોય તો કોઇ ફાયદો થતો નથી. પહેલાં મન-ચિત્ત-હૃદય સાફ કરવું જોઇએ. નિર્મળ શરીરમાં જ સત્સંગ ઉગે.

એક શેઠાણીનો સ્વભાવ ક્રોધી-ચૂગલીખોર હતો પણ દંભ આખા ગામનો કથા-વાર્તા-પૂજા-સાધુ સંતોને અચૂક મળવા જાય - પછી એમની નિંદા પણ કરે...

એકવાર ગામમાં મોટા સંત પધાર્યા - શેઠાણી પહોંચ્યા. જમવાનું નિમંત્રણ આપ્યું. સંતે સ્વીકાર્યું. પછી બીજા ભક્તો પાસેથી સંતને જાણવા મળ્યું કે શેઠાણીનો સ્વભાવ બરાબર નથી. સંત માત્ર ખીર જ ખાતા હતા તે પણ પોતાના જ પાત્રમાં...

સંત ગયા જમવા - શેઠાણી ખીર પીરસવા ગઇ ત્યાં તો સંતના કમંડળમાં પથ્થર-કાંકરી-ધૂળ જોયા - એટલે ખીર રેડતાં હિચકિચાટ થયો. સંતે પુછ્યું કેમ? અટકી ગ્યાં, શેઠાણી કરે પાત્ર ચોખ્ખું નથી... આમાં ખીર કેમ આપું?

સંત કહે હું તમને એ જ સમજાવવા આવ્યો છું આપણું મન-હૃદય-શરીર-સ્વભાવનું પાત્ર ચોખ્ખું ન હોય તો એમાં ઉપદેશ-સત્સંગનું ખીર કેમ રેડાય?

શેઠાણી સમજી ગયાં - સુધરી ગયાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# નિરાલી એની ટેવ મુજબ, મનમાં આવે તે શબ્દો જોડી જોડી ઝાડ સાથે વાત કરી રહી છે, આ કુંડાથી પેલે કુંડે... દોડાદોડી કરી રહી છે, વગર વરસાદે વરંડામાં પાણી પાણી...

## નટખલ નિરાલી
## (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
## ઝાડ કદીયે નહીં સુકાય, હોં...

**- પ્રજ્ઞા એ. પટેલ**

તમે કહેશો, બધાં બાળકો આવાં જ નટખટ, તોફાની, રમતિયાળ ને હોંશિયાર હોય છે, હાજરજવાબી હોય છે. તમારી વાત બિલકુલ સાચી છે. નિરાલી એક જ કાંઇ આવી નથી, એ જ એક માત્ર નટખટ નથી. બાળકોને ઘરમાં, શાળામાં, સમાજમાં પ્રેમ મળે, સાચી સમજણ મળે, કુદરતી રીતે - એમની પોતાની રીતે વિકસવાની તક મળે, યોગ્ય વાતાવરણ મળે તો એક સાચા મામસ - નાગરિક તરીકે પણ તેમનો સરસ - સ્વસ્થ વિકાસ થઇ શકે છે.

બાળકોને જોઇએ છે મોકળાશ. આસપાસના જગતમાં જે કાંઇ પણ બનતું - સર્જાતું અથવા ન સર્જાતું તે જુએ છે, સાંભળે છે, સ્પર્શે છે, અનુભવે છે, પોતાની બુદ્ધિ-શક્તિથી જે કાંઇ સમજે છે, ઝીલે છે - તે આધારે તેમનું જીવન, એટલે કે વિચાર, વાણી અને વર્તન ઘડાતાં હોય છે.

નિરાલીને મોકળાશવાળું વાતાવરણ - પોષણ મળ્યું.

તોફાન કરવા છતાં તે કયાંક ઉદ્ધત નથી બની.

નિરાલી આ વર્ષે જ ચોથા ધોરણમાં આવી. બધા શિક્ષકોની એ લાડકી વિદ્યાર્થીની છે. દિપાલી ટીચર, હીરલ ટીચર, મોહનભાઇ સર, માધવન સર, તરૂણભાઇ સર, નેહલ ટીચર - બધાંને નિરાલી ગમે છે. હવે કોઇને એને માટે ઝાઝી ફરિયાદ નથી. કેમ કે નિરાલીને તેઓ ઓળખતાં થયા છે. દરેક શાળામાં, દરેક વર્ગમાં એવાં કેટલાંક બાળકો હોય છે, જેમના ચહેરા, જેમના નામ શિક્ષકોને તરત યાદ આવે, વર્ષો સુધી યાદ રહે. નિરાલીને નિમિષા ટીચર સાથે તો વળી બહુ જ બને. એમના ઘરના સભ્ય જેવી એ બની ગયેલી.

શાળાની બધી પ્રવૃત્તિઓમાં નિરાલી ભાગ લે, ભાગ ન લે એવી પ્રવૃત્તિઓમાં પણ એ રસ તો લે જ. બીજા વિદ્યાર્થીઓને મદદ કરતી હોય, પ્રેરણા આપતી હોય. નેતૃત્વશક્તિ - નેતૃત્વનો ગુણ એનામાં સહજપણે છે.

શાળામાં કોઇ કાર્યક્રમ હોય, સ્ટેજ સાફ કરવાનું હોય, માઇકને બીજી વસ્તુઓ ગોઠવવાની હોય, શાળામાં કોઇ મહેમાન આવવાના હોય, શાળા શણગારવાની હોય, કલાસરૂમમાં કચરો સાફ કરવાનો હોય, ચિત્રરૂમ, વિજ્ઞાન રૂમ, વ્યવસ્થિ કરવાના હોય, શિક્ષક દિનની ઉજવણી હોય, પ્રવાસે જવાનું હોય - નિરાલી દોડીને એની સૂઝ પ્રમાણએ કામમાં લાગી જ ગઇ હોય. ચોમાસાની ઋતુમાં શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરેલો, મેદાનમાં બધાંએ છોડ રોપેલા. એ છોડને પાણી પાવાની જવાબદારી લેવાની હતી, દરેક કલાસના વિદ્યાર્થીઓએ એક-બે-ત્રણ છોડને નિયમિત પાણી પીવાની જવાબદારી સ્વીકારેલી, નિરાલીએ પૂરા દસ છોડની જવાબદારી લીધી હતી.

દૂર આવેલી ટાંકીએથી ડોલમાં પાણી લાવે, છોડને પાય, એની ટેવ મુજબ વિકસતા છોડને હાથ ફેરવે, કંઇ કંઇ એની સાથે વાતો કરે... બધાના આશ્ચર્ય વચ્ચે બીજા છોડ કરતાં એ છોડ સરસ રીતે વિકસ્યા હતા. આચાર્યા મેડમે નિરાલીને 'વૃક્ષમિત્ર'નો એવોર્ડ આપ્યો.

આ તોફાની, નટખટ નિરાલી હમણાંથી શાંત બની ગઇ છે. એનાં વ્હાલાં દાદીમા - પાર્વતીબા ટૂંકી બિમારીમાં... ભગવાનના ઘેર ચાલી ગયા. થોડા દિવસો પહેલાં તો ઘરમાં ઢીંગલીના લગ્નની ધામધૂમ હતી, એ જ ઘરમાં પછી દાદીમાની બીમારીની દોડધામ. એને કંઇ સમજાતું નહોતું. પપ્પા કહેતા હતા કે, દાદીમા બીમાર છે... એને મન થતું, દાદી એની સાથે રમે, રોજની જેમ વાર્તાઓ કહે, માથામાં તેલ નાખી દે... એની પાસે ભણવા બેસે... પણ દાદી તો પથારીમાંથી ઊભા જ ન થાય.

એની ઢીંગલીના લગ્નમાં નહોતાં આવ્યા એ અનુ ફીઆ વિમાનમાં બેસીને, ઊડીને ફટાફટ આવી ગયા. અને એક સવારે ઘરમાં ઘણા બધા માણસોની અવરજવર વધી ગઇ. નાનકડી નિરાલી ચૂપચાપ દાદીમાની પાસે બેઠી છે, દાદીમાનો હાથ પોતાના હાથમાં પકડીને. દાદીમા એની સામે ટગર ટગર જોઇ રહ્યાં છે...

'દાદીમા, ઊભા થાઓ ને... ચાલો આપણે બહાર ફરવા જઇએ. તમે ચિંતા ન કરતાં, હું સાચવીને તમને લઇ જઇશ... તમને જરાયે હેરાન નહીં કરું, બસ..? જુઓ, તમારા માટે મોરનું પીછું લઇ આવી છું... તમારા કાનુડાને બહુ ગમે છે ?...' આસપાસ બધાં ચૂપચાપ ભીની આંખે ઊભાં છે. નિરાલી એકલી બોલે જાય છે. દાદીમાએ નિરાલીને માથે હાથ ફેરવ્યો ને આંખો મીંચી. મોટાં કાકી એને બહાર લઇ ગયા.

નિરાલીને સમજાતું નહોતું, દાદી કેમ કંઇ બોલ્યાં નહીં? કેમ એમણે આંખો ખોલી નહી. રડતાં અનુ ફીઆને તે છાનાં રાખવા કહેતી રહી, 'તમે રડો નહીં, દાદીમા હમણાં બોલશે, હમણાં આંખ ખોલશે... હું છું ને? તમે રડો નહીં ફીઆ...' એ છાની રાખે એમ અનુ ફીઆ વધુ રડે. પછી તો સફેદ વસ્ત્રોનું ટોળું દાદીમાને ઊંચકીને ઘર બહાર લઇ ગયું. નાનકડી સૂનમૂન, બધું જોતી રહેલી.

'દાદા, દાદીમા કયાં ગયાં? બધાં એમને કયાં મૂકી આવ્યાં?' બીજા દિવસે નિરાલીએ તક મળતાં દાદાને પુછ્યું. દાદા ચૂપ, ફરી પૂછ્યું.

'દાદીમાને છે ને... એ તો હવે આપણા ઘેરથી ચાલી ગયા. હં, ભગવાનને ઘેર ગયા... એમના કાનુડાને ઘેર...' દાદાએ છૂટક છૂટક, આવડ્યો તેઓ જવાબ આપ્યો.

'પણ દાદીમા તો મને જ કાનુડો કહેતાં'તા...

'તારી વાત સાચી, પણ એમના મંદિરમાં કાનુડો હતો ને... એના ઘેર નિરાલીને એક દાદીમા જ ઘરમાં નથી, બીજા બધાં છે, તોય ખૂબ સૂનું સૂનું લાગે છે. એ અનુ ફીઆ, દાદા સાથે બેસીને ધીમા અવાજે દાદીમાને યાદ કરે છે. ઘરમાં જરાય તોફાન કરતી નથી. થોડા દિવસો આમ જ પસાર થયા.'

'આ નિરાલીને બહુ આઘાત લાગ્યો લાગે છે, એ તો એકદમ શાંત બની ગઇ છે, હસતી - બોલતી નથી, આટલું મોટું પરિવર્તન?' મમ્મી-પપ્પા અંદરોઅંદર ચિંતા કરે છે.

'બાળક છે, એની સમજમાં આ વાત એકદમ કઇ રીતે આવે? ઘરમાં જીવતું જાગતું એક જણ હોય છે ને અચાનક ચાલ્યું જાય... એને આપણે વધારે સાચવવી જોઇએ... પ્રેમથી કામ લેવું પડશે...' દાદાને પણ એની ચિંતા હતી.

'એ હમણાંથી તો એના રૂમમાં જ ભરાઇ રહે છે, સતત કંઇક વાંચ્યા-લખ્યા કરે છે....' અનુને પણ ચિંતા ખરી. પણ તણે ચિંતા ન કરો, ઘરનું વાતાવરણ આપણે પહેલાં જેવું જ કરીએ.'

'નિરાલી, આ રવિવારે આપણે કયાં ફરવા જઇશું?' પપ્પાએ પુછ્યું. પણ નિરાલી કંઇ ન બોલી.

'નિરાલી, ચાલ, માસુમના ઘેર રમવા જઇએ...' મમ્મી. નિરાલી એવી જ ચૂપ.

'અરે, આ ઘરમાં તો કોઇને કંઇ ખબર જ નથી. નિરાલી પણ હવે કંઇ ધ્યાન રાખતી નથી. પેલાં બે ગલુડિયા કયારનાંય બહાર ભૂખ્યાં થયા છે ને ઊંવાં ઊંવાં કરે છે... અને હા, કોઇ ઝાડને પાણી પર પાતુ નથી... સાવ સુકાઇ ગયાં છે... કોઇને કંઇ પડી જ નથીને?' અનુનો અવાજ ગાજી ઊઠ્યો.

'હું... હું... છું ને?...' નિરાલી દોડતી જઇ રસોડામાંથી રોટલીઓ લઇ આવી... ગલુડિયાને પંપાળી પંપાળી ખવડાવ્યું. પછી દોડતી થઇ. પાણીની પાઇપ, ડોલ લઇ આવી... ઝડપથી ચાલવા જતાં ઘર વચ્ચે લપસી પડી... ઘરમાં પાણી પાણી... બધાં હસી પડ્યા. ઊભી થઇ, ફ્રોક ખંખેરી તરત જઇને છોડ-ઝાડને પાણી પાવા-છાંટવા લાગી.

ના રે ના, તમે કેમ સુકાઓ
નિરાલી છે ને નિરાલી...
તમને પાણી પાય નિરાલી...

નિરાલી એની ટેવ મુજબ, મનમાં આવે તે શબ્દો જોડી જોડી ઝાડ સાથે વાત કરી રહી છે, આ કુંડાથી પેલે કુંડે... દોડાદોડી કરી રહી છે. વગર વરસાદે વરંડામાં પાણી પાણી...

'અનુ ફીઆ, હવે તો ઝાડ સુકાઇ નહીં જાય ને?'

'ના રે, નિરાલી હોય પછી ઝાડ વળી સુકાતાં હશે!'

દાદા, મમ્મી-પપ્પા, અનુ ફીઆની આંખો પણ એ ઝાડ જેવી ભીંની ભીંની બની છે. ઘરમાં નિરાલી નામે નટખટ દીકરી છે ને!!

નટખટ ને તોફાની છે
નિરાલી ભોળી ભોળી છે
ઘરનો ગૂંજતો સૂર છો
દીકરી ઘરનું નૂર છે...

●●●

**એક નટખટ છોકરી, નામે નિરાલીની આ વાત અહીં પૂરી થતી નથી.**
**દરેક ઘર-પરિવારમાં આવી નટખટ નિરાલીની માસૂમ મસ્તી મ્હેકતી હોય... ઘર ખુશીમાં ગીત ગાતાં હોય.... ઘર પ્રેમ - આનંદથી ગુંજતાં રહે... ગુંજતાં રહે...**

# 'સંશોધક - સંપાદક પુષ્કર ચંદરવાકર' અંગે દોલત ભટ્ટ દ્વારા તેઓશ્રીની આગવી શૈલીમાં અપાયેલ વ્યકતવ્ય માણીએ

તા. ૨૧-૯-૨૦૧૪ના રોજ ગાંધીનગરમાં કડી કેમ્પસ સેકટર-૨૩ના બ્રહ્માણી હોલમાં ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત્ ઉપક્રમે, ગુજરાત સરકારના રમતગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના સચિવ અને કવિ ભાગ્યેશ જહાના અધ્યક્ષસ્થાને તેમજ જાણીતા સાહિત્યકાર અને પૂર્વ સનદી અધિકારી અને કવિશ્રી તથા દલિત સાહિત્ય અકાદમીના અધ્યશ્ર પ્રવીણ ગઢવીના અતિથિ વિશેષ પદે, સંશોધક-સંપાદક, અને સર્જક પુષ્કર ચંદરવાકર વિશે ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને સુવિખ્યાત લેખક દૌલત ભટ્ટના વક્તવ્ય - વ્યાખ્યાન - 'સંશોધક અને સંપાદક પુષ્કર ચંદરવાકર' તેમજ સુપ્રસિદ્ધ લોક વાર્તાકાર અને 'સમાજ સંવેદના' માસિકના સંપાદક રાઘવજી માધડ કૃત અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા પ્રકાશિત 'લોકવાર્તાની લ્હાણ' ના વિમોચન લોકાર્પણનો કાર્યક્રમ સંપન્ન થયો.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરતભાઇ કવિ દ્વારા, મહાનુભાવોનાં શાબ્દિક સ્વાગતમાં સર્વેને શબ્દોના કંકુ અને ચોખાથી વધાવ્યા બાદ, સૌ મંચસ્થ મહાનુભાવોનું સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, ઉપ પ્રમુખ સુરેશભાઇ ભટ્ટ, મંત્રી સંજય થોરાત, આંતરિક ઓડિટર મહેન્દ્રભાઇ રાઠોડ, લોકસાહિત્ય કેન્દ્રના નિયામક ડો. અંબાદાન રોહડિયા અને કડી કેમ્પસ, ગાંધીનગરના ડાયરેકટર ડો. સોમભાઇ પટેલ દ્વારા પરિમલસભર પુષ્પગુચ્છ અને પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું. અને મંચસ્થ મહાનુભાવો દ્વારા વાર્તાકાર રાઘવજી માધડ લિખિત 'લોકવાર્તાની લ્હાણ'નું લોકાર્પણ થયું. આ કાર્યક્રમમાં નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ સનદી અધિકારી વસંતભાઇ ગઢવી ખાસ હાજર રહ્યા હતા અને અધ્યક્ષ ભાગ્યેશભાઇ જહાને સમારંભમાંથી એકાએક જવાનું થતાં, સમારંભની બાગડોર તેઓશ્રીએ સંભાળી હતી. ભાગ્યેશ જહાએ તેઓની સંસ્કૃત છાંટની મીઠી વાણીમાં અને પ્રસંગોચીત કાવ્યાંશોથી તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ઉત્કૃષ્ટ લોકસાહિત્ય સેવાને બિરદાવી, સર્વેને અભિપ્રેત કરી દીધા હતા. જાણીતા લલિત અને દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીએ લોકસાહિત્યની લોકપ્રિયતા રજૂ કરી રાઘવજી માધડના પુસ્તક 'લોકવાર્તાની લ્હાણ' વાર્તાઓની કેફ્યિત રજૂ કરી, લોકસાહિત્યને જીવતું રાખવાની મનોકામના વ્યક્ત કરી હતી. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના નિયામક ડો. અંબાદાન રોહડિયા દ્વારા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળા અંગેની જાણકારી આપી, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય ક્ષેત્રેના પ્રદાનને ગૌરવવંતુ ગણાવ્યું હતું.

પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળાના દ્વિતીય વ્યાખ્યાન (વકતવ્ય)માં, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ અને ગુર્જરી લોકસાહિત્યધરાના ધબકાર એવા સુવિખ્યાત વાર્તાકાર-લેખક દોલત ભટ્ટ દ્વારા 'સંશોધક - સંપાદક પુષ્કર ચંદરવાકર' વિશે મનનીય વ્યકવ્યમાં પુષ્કર ચંદરવાકરના સાહિત્યિક પાસાંઓને ઉજાગર કર્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ મંત્રી સંજય થોરાતે કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સૂચારું સંચાલન મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આવો, આ કાર્યક્રમમાં 'સંશોધક - સંપાદક પુષ્કર ચંદરવાકર' અંગે દોલત ભટ્ટ દ્વારા તેઓશ્રીની આગવી શૈલીમાં અપાયેલ વ્યકતવ્ય માણીએ.

**- 'દધિ'**

વરસાદના અભાવે ખંડીતા ખેડૂતના સાંતીડાને ઓરણી જેવા ઓજારો અણોહરા પડ્યા હતા. હાથનું નેજવું કરીને આતુર આંખ્યો વાદળીએ શોધતી હતી. એવે વખતે આજથી પચાસ વર્ષ પૂર્વેના વાદળવિહોણા ઉઘાડા આકાશમાંથી સૂર્યના આરંભથી જ અરૂણના તેજ કિરણો વેરાઇ ગયા હતા. બેથડીયું ડીલ, ભરાવદાર ચહેરો, ટૂંકી દાઢી, લાંબા વાળ, જવાહર બંડીમાં ઢંકાયેલી પહોળી છાતી, ધોતી અને ઝભ્ભામાં ઢંકાયેયો દેહ, ખંભે થેલો આવા માણસે સવારના પહોરમાં કાર્યાલયના પગથીયે થંભીને પુછ્યું.

દોલત ભટ્ટ તમે?

હા, આવો...

મારી સામે ગાદી તકીયે બેઠક લઇને તેમણે ઓળખાણ આપતાં કહ્યું -

મારું નામ પુષ્કર ચંદરવાકર, હું પોરબંદર પ્રાધ્યાપક છું, બરડો ડુંગર ખુંદવા નીકળી પડ્યો છું. મને ટ્રેનની બોગીમાં જ એક ભાઇએ તમારું નામ આપ્યું... એમને મળજો અને માર્ગદર્શન આપશે. સાંભળીને મારી ચિંતા ટળી, મને મુંજવણ હતી કે હું ધંધુકાના ચંદરવા ગામનો વતની તેથી આ વિસ્તાર મારે માટે સાવ અણજાણ તેમ બરડાની ડુંગર માળની કોઇ જાણકારી જ નહીં.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર 'દધિ'**

મેં પ્રશ્ન કર્યો, પુષ્કરભાઇ તમારે એ વિસ્તારમાં ફરીને શું કરવું છે?

તેમાં વસતાં માણસનું જીવન જોવું છે કંઇ સાહિત્ય મળે તો ટપકાવવું છે. હું જનસત્તામાં મારા સંશોધન અંગે કટારમાં પ્રગટ કરાવું છું.

હું એનો આશય સમજ્યો કહ્યું -

ઘેર આવો ચા-નાસ્તો કરો અને સાથે બપોરનું ભાથું પણ લેતા જાવ જેથી સાંજ સુધી તમે નિશ્ચિંત પણે ભ્રમણ કરી શકો...

તમે સાથે ન આવો...?

હું સાથે રહું એવી ઇચ્છા થાય મને પણ થાય.

પણ શું....??

આ વરસે વરસાદ ખેંચાયો છે આકાશ કોરૂ કટ છે... ખેડૂતો માલધારીઓ ચિંતામાં છે... હું જામનગર જિલ્લા પંચાયત ઉત્પાદન સમિતિનો અધ્યક્ષ છું અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલો છું તેથી મારી પાસે સમયની સંકડામણ છે. પણ તમારા સંશોધન કાર્યમાં તમને મદદ કરે એવા એક અભણ પણ ઉત્સાહી અને ઉપકાર માલધારીનું નામ આપું તેને મળજો તમારો પડછાયો થઇને રહેશે.

મેં નામ આપ્યું.

બાઠા રામા રબારી સમાજનો આગેવાન બરડાની ગિરિમાળામાં આવેલા ઓગણીસ નેસનો આગેવાન બાઠાભાઇ ભારો પોહિયો માણસ પાછા ફરશો ત્યારે એ પોતાની પંખીણી જેવી સાંઢણી પર બેસાડીને ઘેર ઉતારી જશે...

પુષ્કરભાઇનાં ચહેરા પર પ્રસન્નતાના ભાવો હું ઉકેલી રહ્યો, ચા-નાસ્તો અને ભાતુ બંધાણી ઘુમલીના રસ્તે વળાવ્યા. પછી તો એમની ત્રણ દિવસની રખડપટ્ટીએ ઘણું અપાવ્યું.

અંધારુ ઉભરે તે પૂર્વે આવી જાય અને મારા પડોશી અને આત્મીયત મિક્ષ અમુભાઇ ઘેલાણીને ત્યાં રાતનું ભોજન આરોગતા એમના અનુભવો અમને કહી.

બરડામાંથી તેમણે મેળવેલી સરજુ માલધારીના ગીત 'ચૂડ વિજોગણ' અંગેનું જે કાંઇ નોંધ્યું તેનો એક લેખ તેમણે 'જનસત્તા'માં ચાલતી કોલમમાં છપાયેલો.

મેં મારી નવલકથા 'વસમી વેળા' પુરી કરેલી તેની પ્રસ્તાવના તેમણે લખી મોકલી હતી.

અમારી દોસ્તીનો દોર સતત ચાલતો રહેતો તેમના કાર્યમાં મારો સહયોગ માગતા રહેતા પત્ર વ્યવહારનું સાતત્ય જળવાયેલ.

ચુનિલાલ મડિયા સાથે જામનગર દ્વારકાના પ્રવાસે આવેલા તેમાં હું સામેલ હતો તેમના બંને સ્થળે કાર્યક્રમો ગોઠવી આપેલા.

સંશોધન અને સંપાદનની વ્યાખ્યા મારા મતે બંધ બેસતી નથી તેથી લોક સાહિત્યને મુદ્રિત કરવાના જે પ્રયાસો થયા તેમાં એલેકઝાંડર કિનલોક ફાર્બસથી શરૂઆત થઇ તે ઉપરાંત અનેક નામો ઉમેરાતા ગયા આજે રાઘવજી માધડ સુધી તેનો દોર લંબાયેલો છે.

પુષ્કરભાઇ આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, 'તે પહેલા મેઘાણીભાઇએ ઘણું સાહિત્ય મુદ્રિત કરી દીધું હતું અને કરતા હતા તે સમયે પુષ્કરભાઇએ એ દીશામાં દડમજલ શરૂ કરી.'

પુરૂ નામ પુષ્કરરાય પ્રભાશંકર માધવજી ત્રિવેદી ઔદિચ્ય સહસ્ત્રકુળ ગામ ચંદરવા હુલામણું નામ નાનુભાઇ.

ફેબ્રુઆરી ૧૯૩૯માં વર્ષ કલમ પકડી.

પ્રથમ કૃતિ 'ધોરિયો'વડોદરાથી પ્રગટ થતા 'ગુણસુંદરી' માં પ્રગટ થયું.

લોકસાહિત્યનું મુદ્રણ કાર્ય અભ્યાસ પૂર્વ રીતે શરૂ કર્યું 'નવો ફલકો' નામે લોકજાતિના ગીતો પર સંગ્રહ કર્યો જે ખુબ પ્રતિષ્ઠા પામ્યો લોકસાહિત્યના વિદ્વાનાન વાસુદેવ શરણ અગ્રવાલે 'યજ્ઞકાર્ય' શિર્ષક આપી પ્રસ્તાવના લખી તેમના કામને યશસ્વી રીતે બિરદાવ્યું.

તે પછી પુષ્કરભાઇએ સંશોધન પત્રિકાઓ પ્રસિદ્ધ કરી.

તેમના ઉત્તમ કોટીના ઉક્ત કાર્યથી પ્રભાવિત થઇ ડો. અલદ્રુત ટેગેનરી જર્મન ભાષામાં તેમનાં કાર્ય અંગેના લેખો લખીને સૌનું ધ્યાન ખેંચ્યું.

તે ઉપરાંત અન્ય ભાષામાં આ વિષયના તજજ્ઞોએ તેમના ગહન અભ્યાસ અને વિલેક્ષણની ભુરી ભુરી પ્રશંસા કરતા રહ્યા. આમ પુષ્કરભાઇના લોકસાહિત્યના તજજ્ઞો તરિકે અન્ય દેશોમાં પણ ઉભરી આવ્યા.

તેમણે અનેક પ્રવાસો ખેડ્યા. જેટલું લોક સ્મરણોમાં સંપાદીત હતું તેટલું મુદ્રિત કરવા માંડ્યુ. ઇ.સ. ૧૯૬૧-૬૨ થી અનેક ભારતીય લોકસાહિત્ય પરિષદોમાં વિભાગીય પ્રમુખ તરીકે પોતાની પ્રતિભાનો પરિચય આપતા રહ્યા હતા.

ઇ.સ. ૧૯૬૮માં રાજસ્થાન સાહિત્ય અકાદમીએ તેમને પુરસ્કાર આપી નવાજ્યા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલ પતિ ડોલરરાય માંકડના કહેવાથી લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના વિભાગીય વડા તરીકે જોડાયા.

અહિ રહીને તેમણે આ ક્ષેત્રમાં અનેક પ્રવૃત્તિઓ દ્વારા પદને શોભાવ્યું.

લોકસાહિત્યે તેમને મૌલિક અને તીવ્ર કલ્પના સૃષ્ટિને બંધ બેસે તેવા રૂપની પ્રેરણા પૂરી પાડી તેમના પ્રચાર પામેલા સાહિત્યમાં તેમની એક નિષ્ઠાનો નિખાર નિતરતો દેખાતો રહ્યો છે.

ઇ.સ. ૧૯૦૦ વર્ષમાં તેમનું ધ્યાન હાલરડા તરફ દોરાયું તેમણે પ્રોફેસર એ. એચ. કાપ મુદ્રિત 'ધ સાયન્સ ઓફ ફોકલોર' તપાસ્યું. બીજા તજજ્ઞોના ગ્રંથો જોયા પણ હાલરડા અંગે કોઇ મળ્યું નહિ. પણ આપણા અને મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરે પ્રદેશોનું ભ્રમણ કરીને હાલરડા ઉતાર્યા અને લોકગુર્જરીના ૧૯૭૦ના અંકમાં તે અંગે અભ્યાસપૂર્ણ લેખ 'બાળુડાના લલકાર' શિર્ષક તળે પ્રસિદ્ધ થયો.

ઉક્ત બધા કાર્યો માટે વિદેશીઓએ તેમની વિદ્વતાના વારણા લીધા.૧૯૪૪ થી ૮૪ સુધીમાં ભારતભરમાં ભ્રમણ કરી અઢળક સામગ્રી એકત્ર કરી સાહિત્ય માટે વધુમાં વધુ પ્રવાસ કરનાર માત્ર પુષ્કરભાઇ જ હતા.

પુષ્કરભાઇ પ્રથમ નવલકથા આઝાદી પૂર્વે ૧૯૪૬માં 'રાંકના રતન' આપે છે. તેમની કૃતિઓમાં કેટલીક રવ માધુર્ય ભરી શબ્દ ગુંથળીનો જાદુ સફળ રીતે જોવા મળે છે.

'લીલુડા લેડો' નાયકાના પાત્ર વગરની નવતર પ્રયોગની નવલકથા કહી શકાય. 'રેખલડી રંગભીની ઝાંઝવાના નીર' પણ નોંધ પાત્ર કૃતિઓમાં નવલકથાઓમાં વિષય વૈવિધ્ય વાંચવા મળે છે.

'શોણીત સીંચી વસુંધરા' માં બિહારના ઝારખંડની દૃષ્ટ ભૂમિ છે, 'ભવની કમાણી' ભાલ પ્રદેશની જીવન શૈલીમાં પ્રકારનો શબ્દદેહ વાંચવા મળે છે.

પુષ્કરભાઇની કલમ સાહિત્યના લગભગ તમામ ફલક પર ફાલી ફૂલી ફૂલવાડી રચી ગઇ છે. તેમના પુસ્તકોની યાદી વિસ્તૃત છે.

પ્રદેશવાદ તેમણે કન્યાઓને ઉપલબ્ધ કરી ઉજાગર કરી છે.

**● ચંદરવામાં પલોટી વાળે છે.**

ચંદરવામાં વાહન વહેવાર ન હતો. એસ.ટી. સીમાડી આ ગામ સુધી આવતી હતી.

તેઓ પ્રભુદાસ પટવારી ભૂતપૂર્વ રાજયપાલને ચંદરવામાં નોંતર્યા. પછી પાકો રસ્તો થયો અને વિજળી પણ આવી તેને કારણે હિરાના કારખાના ખડા થયા.

કારીગરો સાથે દુર્ગુણો પણ ગામમાં આવ્યા તે સામે જેહાદ જગાડી.

લોક સુધારાની યોજનાઓને આકાર આપે છે. ભાવના ભરપુર છે. વ્યસન મુક્તિ રૂઢી સુધારા જેવા ઉપદેશો આપે છે, અને સંઘર્ષ વહોરી બેસે છે. ભાવુકતા એટલી બધી પ્રવેશી જાય છે કે અઘરૂં અને કપરૂ થઇ પડે છે. સમાજ કદી બગડે નહિ સમાજ કદી સુધરે નહિ એ બાબત તરફ એ ઉદાસીન રહ્યા.